<u>ઈ-મેઇલ મેસેજ</u>

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૩૪૧/૨૦૨૪, તા.૧૬/૦૯/૨૦૨૪

**<u>વિગત</u>** :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૦૯/૦૯/૨૦૨૪ થી તા.૧૫/૦૯/૨૦૨૪** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

**(૧)** માધવપુર પો.સ્ટે. જા.જોગ નં.૦૮/૨૦૨૪ તા.૩/૯/૨૪ ના કામે ગુમ થનાર હેતલબેન D/O દિનેશભાઇ ચુડાસમા ઉ.વ. ૧૮ વર્ષ, ૧૧ દિવસ રહે.પાતા ગામ તા.જી.પોરબંદર વાળીને તા.૧૧/૯/૨૦૨૪ ના માધવપુર પો.સ્ટે.ના HC એચ.એસ.મોઢવાડીયા તથા ALR રાહુલભાઇ રામજીભાઇ નાઓએ નગીચાણા ગામ તા.માંગરોડ જી.જુનાગઢથી શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચ/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય :-**

**(૧)** તા.૧૨/૦૯/૨૦૨૪ ના રોજ કમલાબાગ પોલીસ સ્ટેશનની શી-ટીમના ઇન્ચાર્જ તથા કર્મચારીઓ હાજર રહેલ તથા ૧૮૧ ની ટીમ તથા મહિલા સુરક્ષા કેન્દ્રના કર્મચારીઓ તથા સખી વન સ્ટોપ સેન્ટ્રરના કર્મચારીઓ દ્વારા કડીયાપ્લોટ પે.સેન્ટર શાળામા આશરે ૧૫૦ જેટલી વિદ્યાર્થીનીઓનેતા.૦૧/૦૭/૨૦૨૪ થી નવા કાયદા વિશે માહીતગાર કરવામા આવેલ તથા મહિલા સુરક્ષા તથા સાયબર ક્રાઇમ વિશે તથા ૧૮૧ હેલ્પલાઇન વિશે તથા ડાઇલ ૧૦૦ વિશે માહિતગાર કરવામા આવેલ છે.

**મુદ્દા નંબર ૩:- ટ્રાફીક અંગેના કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ હોય**

**(૧)** તા.૧૫/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે.એમ.સૈયદ દ્વારા સુદામાચોક બસ સ્ટેશન પર જઈને ટ્રાફિક અવેરનશની માહિતી આપેલ. જેમા નવા ટ્રાફિક નિયમો શું છે. સગીરવયના બાળકોને વાહન ચલાવા આપવુ નહિ જો સગીરવયના બાળકો વાહન ચલાવતા લાઈસન વગર પકડાશે તો તેમના વાલી સામે કાયદેસરની કાયદેસરની કાર્યવાહી થશે તેના વિશે માહિતી આપેલ જેમા વાહન ચલાવતા ભાઈઓને સુચના આપેલ. જેમા વાહન ચલાવતી વખતે વાહનને લગતા તમામ દસ્તાવેજો જેવા કે લાઈસન્સ, પીયુસી, વીમો, આરટીઓને લગતા વાહનના જરૂરી ડોકયુમેન્ટો સાથે રાખવા તેમજ કોઈ પણ વાહન નશો કરી ચલાવવુ નહિ તથા રોંગસાઈડ વાહન ચલાવવુ નહિ અને વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ કયારેય કરવો નહિ તેમજ માર્ગસુરક્ષાના સોનેરી નિયમો વિશે તેમજ ૧૦૦ નંબર અને ૧૦૧ ફાયર બ્રિગેડ ,૧૦૮ એમ્બ્યુલન્સ , ૧૦૯૫ ટ્રાફિક હેલ્પલાઈન નંબરો વિશે માહિતગાર કરેલ.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૦૯/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ની શી ટીમ દ્વારા ચોપાટી ભીડભાડ વાળી જગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમાં શી ટીમની કામગીરી કરેલ. જેમા મહીલાઓને જાગૃતિકરણ અંગે, ૧૮૧ હેલ્પ લાઈન બાબતે, તેમજ ઈ-એફ.આઈ.આર અંગે સમજ કરેલ.

(૨) તા.૧૦/૦૯/૨૦૨૪ના રોજ મહિલા પો.સ્ટે.ના શી ટીમ દ્વારા તેમજ સુદામાચોક/બંગડી બાજાર/ચોપાટી/શાક્માર્કેટ/ભીડભાડ વાળા વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

(૩) તા.૧૧/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ના શી ટીમ દ્વારા સ્કૂલ/કોલેજ તેમજ વાડીપ્લોટ/ચોપાટી વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમની કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે માહિતી આપી.

(૪) તા.૧૨/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ના શી ટીમ દ્વારા ચોપાટી/સ્કુલ કોલેજ વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમની કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

(૫) તા.૧૩/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ના શી ટીમ દ્વારા તેમજ સુદામાચોક/બંગડી બાજાર /ચોપાટી/શાક્માર્કેટ/ભીડભાડ વાળા વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

(૬) તા.૧૪/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ના શી ટીમ દ્વારા ચોપાટી વિસ્તારમા ભીડભાડવાળી જાગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમા શી ટીમની કામગીરી કરેલ જેમા માહિલાઓને મહિલા જાગ્રુતીકરણ અંગે, ૧૮૧ હેલ્પ લાઇન બાબતે, તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી.

(૭) તા.૧૫/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પો.સ્ટે.ના શી ટીમ દ્વારા ચોપાટી/સ્કુલ કોલેજ વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમની કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

**મુદ્દા નંબર ૬:- લોકહીતની બાબતો જે લોકોને તુરત ધ્યાન પર આવે તેવી બાબતોઃ-**

(૧) તા.૧૪/૦૯/૨૦૨૪ ના રોજ હાર્બર મરીન પોલીસ સ્ટેશન અધિ./કર્મચારીઓ દ્વારા ફીશરમેન પોઈન્ટ સુભાષનગર ગોદી વિસ્તારમાં આવેલ ફીશરમેન વોચ ગૃપના સભ્યો તેમજ સ્થાનીક માછીમારો, બોટના માલીકો, ખલાસી માછીમારો સાથે ફીશરમેન અવરનેશ તેમજ ફીશરમેન વોચ ગૃપ મીટીંગ રાખવામાં આવેલ. સદર મીટીંગમાં ફીશરમેનના વોચ ગૃપના સભ્યો તથા માછીમારો સહીત મળી કુલ-૩૨ જેટલા લોકો/માછીમારો હાજર રહેલ. તમામને માછીમારી દરમ્યાન દરીયા કીનારે તથા દરીયાની અંદરથી કોઈ શંકાસ્દ ચીજવસ્તુ મળી આવે તો તાત્કાલીક પોલીસને જાણ કરવા સમજ કરેલ.

(૨) કીર્તિમંદિર પોલીસ સ્ટેશન પોરબંદર પોલીસ ઈન્સપેક્ટરશ્રી જે.જે.ચૌધરી સાહેબના માર્ગદર્શન નીચે કીર્તિમંદિર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બંગડી બજાર ખાતે આવેલ એક દુકાન ઉપર બે પરીવાર ખરીદી કરવા

આવેલ અને ભુલથી થેલી સાથે લઈ ગયેલ જે થેલીમાં સોનાના દાગીના જેની અંદાજે કિ.રૂ.૬૦,૦૦૦/- તથા રોકડ રૂપીયા ૨,૦૦૦/- હતા. જેથી અરજદારએ જણાવેલ વિગત આધારે દુકાનના સી.સી.ટી.વી. મારફતે તપાસ કરી નામ-સરનામા મેળવી અરજદારની ગયેલ વસ્તુઓ શોધી અરજદારને પરત સોંપેલ છે. સદર કામગીરીમાં કીર્તિમંદિર પો.સ્ટે.ના WHC એમ.આર.પરમાર, પો.કોન્સ. હોથીભાઇ મોઢવાડીયા, ભુપેન્દ્રસિંહ ઝાલા, કીશોરભાઇ શીંગરખીયા, જયભાઈ ડાભી, અંકિતાબેન ઝણકાટ, કીર્તિબેન ઓડેદરા રોકાયેલ હતા.

(૩) તા.૧૩/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે.એમ.સૈયદ દ્વારા કમલાબાગ ગાર્ડનમાં જઈને સિનીયર સિટીજનની મુલાકાત લીધેલ તેમને તેમના પુત્ર કે પુત્રવધુ દ્વારા ત્રાસ કે હેરાનગતિ, કે પ્રોપટી છીનવી લઈને વૃધ્ધા આશ્રમમાં જવા માટે કહે ત્યારે ૧૦૦/૧૮૧ નંબર પર ફોન કરી જાણ કરી શકો. કોઈ મહિલા ઘરેલુ હિંસા , છેડતીનો ભોગ બનતી હોય ત્યારે તમો પણ ૧૦૦/ ૧૮૧ નંબર પર ફોન કરી ભોગ બનનાર મહિલાની મદદ કરી શકો છે. તેમજ સાઈબર ગુન્હાઓ માટે (૧૯૩૦) નંબર કઈ રીતે ઉપયોગ થાય તેના વિશે સમજ કરી અને પોલીસ પ્રજાનો મિત્ર છે જેથી વિના સંકોચ વગર મદદ માંગી શકો તેમ જણાવેલ. તેમજ તા.૦૧/૦૭/૨૦૨૪ થી નવા કાયદા ભારતીય ન્યાય સંહિતા 2023, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા 2023 અને ભારતીય સાક્ષ્ય સંહિતા 2023 નામના ત્રણ નવા ફોજદારી કાયદા વિશે જરૂરી માહીતગાર કરેલ.

(૪) તા.૧૪/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે.એમ.સૈયદ તથા ૧૮૧ ના કાઉન્સેલર મીરા માવદિયા દ્વારા રોકડીયા હનુમાન મંદિર આવેલા દર્શનાર્થીઓની મુલાકાત કરી સિનીયર સિટીજનની મુલાકાત લીધેલ, તેમને તેમના પુત્ર કે પુત્રવધુ દ્વારા ત્રાસ કે હેરાનગતિ, કે પ્રોપટી છીનવી લઈ ને વૃધ્ધા આશ્રમમા જવા માટે કહે અથવા તેમને ઘરેથી કાઢી મુકે ત્યારે ઘણા માં-બાપ પોતાના સંતાનોનો દુ:ખ ત્રાસ સહન કરતા હોય છે અને તેમના મા સહનશકિતની લીમીટ પુરી થાય ત્યારે તેઓ આત્મહત્યા કરવાની કોશીશ પણ કરતા હોય છે. તો આવા કોઈ પીડીત વૃધ્ધ તમારા ધ્યાનમાં આવે અથવા તમારા આડોશ-પાડોશ રહેતા હોય અને તેઓ પીડીત હોય તેવુ તમારા ધ્યાને આવે તો ૧૦૦/૧૮૧ નંબર પર ફોન કરી પોલીસની મદદ માંગી શકો તેમજ મહિલા ઘરેલુ હિંસા , છેડતીનો ભોગ બનતી હોય ત્યારે તમો પણ ૧૦૦/ ૧૮૧ નંબર પર ફોન કરી ભોગ બનનાર મહિલાની મદદ કરી શકો છો. તેમજ સાઈબર ગુન્હાઓ માટે (૧૯૩૦) નંબર કઈ રીતે ઉપયોગ થાય તેના વિશે જરૂરી માર્ગદર્શન આપેલ. તેમજ પોલીસ પ્રજાનો મિત્ર છે. પોલીસ તમારી મદદ માટે ૨૪ કલાક તત્પર છે. જેથી વિના સંકોચ વગર મદદ માંગી શકો તેવુ સમજાવેલ.

(૫) તા.૧૪/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે.એમ.સૈયદ તથા ૧૮૧ ના કાઉન્સેલર મીરા માવદિયા દ્વારા રોકડીયા હનુમાન મંદિર જઈને સી ટીમની કામગીરી કરેલ. મહિલાઓને ઘરેલુ હિંસા, છેડતી, સાયબર ક્રાઈમ (૧૯૩૦), પોકસો જેવા બનાવોમા કઈ રીતે પોલીસ તથા ૧૮૧ કઈ રીતે મદદરૂપ થાય તેના વિશે માહિતી આપેલી. નિરાધાર મહિલાઓની મદદ માટે નંબર ૧૦૦ તથા ૧૮૧ મા ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તે અંગે તેમજ સખી વન સ્ટોપ સેન્ટરની કામગીરી વિશેની માહિતી આપેલી જેમા મહિલાઓને ઘરેથી કાઢી મુકેલા હોય કે નિ:સહાય હોય તેને આશ્રય તથા જરૂરી મદદ આપવામા આવે છે. જરૂર જણાય મહિલા પોલીસ સ્ટેશન આવી શકો છો પોલીસ પ્રજાનો મિત્ર છે. બિન સંકોચ મદદ માંગી શકો છો. તે અંગે સમજ કરેલ.

(૬) તા.૧૫/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે.એમ.સૈયદ તથા પોલીસ કોન્સટેબલ સેજલ પંપાણીયા તથા ૧૮૧ ના કાઉન્સેલર નિરૂપાબેન બાબરીયા દ્વારા ફિશ માર્કેટમાં જઈ સી ટીમની કામગીરી કરેલ. મહિલાઓને ઘરેલુ હિંસા, છેડતી, સાયબર ક્રાઈમ (૧૯૩૦), પોકસો જેવા બનાવોમા કઈ

રીતે પોલીસ તથા ૧૮૧ મદદરૂપ થાય તેના વિશે માહિતી આપેલી. નિરાધાર મહિલાઓની મદદ માટે નંબર ૧૦૦ તથા ૧૮૧ મા ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તેમજ સખી વન સ્ટોપ સેન્ટરની કામગીરી વિશે માહિતી આપેલી જેમા મહિલાઓને ઘરેથી કાઢી મુકેલા હોય કે નિ:સહાય હોય તેને આશ્રય તથા જરૂરી મદદ આપવામા આવે છે. તેમજ મુશ્કેલીના સમયે મહિલા પોલીસ સ્ટેશન આપી શકો અને પોલીસ મદદ લઈ શકો પોલીસ પ્રજાનો મિત્ર છે. બિન સંકોચ મદદ માંગી શકો છો તે અંગે જરૂરી સમજ કરેલ તથા માર્ગદર્શન આપેલ.

**(૭)** તા.૧૫/૦૯/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે.એમ.સૈયદ તથા લોકરક્ષક પાચીબેન દ્વારા એમ.જી. રોડપર આવેલ ગાર્ડનમા મહિલાઓ, દિકરીઓને એકઠા કરી ઘરેલું હિંસા, છેડતી માં પોલીસ કેવીરીતે મદદ કરે તે વિશેની સમજ કરેલ કોઇ બહેનને તેમના પતિ હેરાન કરતા હોય તો બને પતિ પત્નીને મહિલા પોલીસ સ્ટેશનમાં બોલાવીને કાઉન્સિલીગ કરાવીને સમાધાન કરાવીએ છીએ, તેમજ તમારી દીકરીઓને અવાવરૂ જગ્યાએ જવા ન દેવી તેવી સમજ કરેલ અને જાહેર જગ્યાએથી ચાલવું તેવી સમજ કરેલ, સાયબર ક્રાઇમના કોઇ ભોગ બનો તો સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનની મદદ લેવી અથવા સાયબર ક્રાઇમ હેલ્પ લાઇન નંબર 1930 ની મદદ લેવી, પોકસો જેવાં બનાવોમાં પોલીસ તથા 181 કઇ રીતે મદદ રૂપ થાય તેના વિષે માહિતી આપેલ નિરાધાર મહિલાઓની મદદ માટે 100/181 માં ફોન કરી તાત્કાલિક મદદ લઈ શકાય તે વિષે પણ જરૂરી માર્ગદર્શન આપેલ. તેમજ તા.૦૧/૦૭/૨૦૨૪ થી નવા કાયદા અંગે 1 ભારતીય ન્યાય સહિત 2023,2 ભારતીય નાગરિક સુરક્ષા સહિતા 2023,3 ભારતીય સાક્ષર અધિનિયમ 2023 વિશે મહીલાઓને માર્ગદર્શન આપેલ.

જે આપશ્રી ને વિદિત થાય.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર